આઈપીએલ-૫ મહાસંગ્રામ આજથી શરૂ

ચેન્નાઈ,તા. ૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)-૫ મહાસંગ્રામની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. ચોગ્ગા અને છગ્ગાની જોરદાર રમઝટ. ચિયર લીડર્સના ગ્લેમરથી ભરપૂર આઈપીએલ-પને લઈને ચાહકોમાં ઉત્સુકતા દેખાઈ રહી છે. અલબત શરૂઆતના આઈપીએલ રાઉન્ડની જેમ રોમાંચકતા નથી છતા પણ ખૂબ જ ઉત્સુકતા દેખાઈ રહી છે. આઈપીએલને લઈને ફરી એકવાર ક્રિકેટ ફિવરનુ મોજુ ફરી વળ્યુ છે. આઈપીએલ-પમાં નવ ટીમો ભાગ લઈ રહી છે. ૫૪ દિવસ સુધી કુલ ૭૬ મેચો ક્રિકેટ ચાહકોને જોવા મળશે. આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર, મુંબઈ ઈન્ડિયન્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ, ડેક્કન ચાર્જસ, કિંગ્સ ઈલેવન પંજાબ, પૂણે વોરિયર્સની ટીમો ટકરાશે. આવતીકાલે આઈપીએલ-પની પ્રથમ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ ટકરાશે. આ મેચ ચેન્નાઈના ચેપોક મેદાન પર રમાશે. જેનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. આવતીકાલથી મેચનો સિલસિલો શરૂ થયા બાદ ૨૭મી મેના દિવસે ચેન્નાઈના ચેપોક મેદાન ઉપર જ ફાઈનલ જંગ ખેલાશે. તમામ ટીમો આઈપીએલમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા તૈયારી કરી ચૂકી છે. પુણે વોરિયર્સનુ નેતૃત્વ સૌરવ ગાંગુલી સંભાળી રહ્યો છે. જ્યારે કિંગ્સ ઈલેવન પંજાબનુ નેતૃત્વ એડમ ગિલક્રિસ્ટ કરી રહ્યો છે. જ્યારે દિલ્હી ડેરડેવિલસના કેપ્ટન તરીકે વિરેન્દ્ર સેહવાગ છે. તમામ ટીમોંમાં આક્રમક ખેલાડીઓ હોવાથી આઈપીએલ-પમાં છગ્ગા ચોગ્ગાની જોરદાર રમઝટ જોવા મળશે વેકેશનનો ગાળો શરૂ થય ગયો હોવાથી બોળકોને પણ રાહત રહેશે. આવતીકાલે પ્રથમ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જંગ ખેલાશે. ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ધોની અને મુબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હરભજન સિંહની પણ આકરી કસોટી થશે. સચિન તેંડુલકરે સ્વૈચ્છિક રીતે કેપ્ટનશીપ હરભજન સિંહને આપી દીધી છે. જેથી હરભજન ઉપર દબાણ વધી ગયુ છે. ચેન્નાઈ સુપર કિંગ્સમાં ધોની ઉપરાંત રવીન્દ્ર જાડેજા, સુરેશ રૈના, જેવા ખેલાડી હશે. જ્યારે બીજી બાજુ મુંબઈ ઈન્ડિયન્સ હરસલ ગિબ્સ અન્ય નવા ખેલાડી છવાઈ જવા માટે તૈયાર થઈ ચુકયા છે.ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ વચ્ચે રમાનારી પ્રથમ મેચને લઈને ચેન્નાઈમાં ક્રિકેટ ફીવર છે. બે સૌથી મજબૂત ટીમ આમને સામને આવશે. ધોનીની ટીમને ઘર આંગણે રમવાનો ફાયદો મળશે. તે બે વર્ષ સુધી ચેમ્પિયન બની ચુકી છે. ચેન્નાઈને બે વખત ચેમ્પિયન બનાવવામાં અને એક વખત ફાઈનલમાં પોહંચાવામાં ધોનીની ભૂમિકા રહી છે.

ચેન્નાઈ પાસે સુરેશ રૈના, બદ્રીનાથ, મુરલી વિજય અને રવિન્દ્ર જાડેજા છે. રવિન્દ્ર જાડેજાને ૨૦ લાખ ડોલરમાં મેળવી લેવામા આવ્યો છે. ચેન્નાઈને શરૂઆતના તબક્કામાં માઈક હસ્સી અને હિલ્ફેનહોસની સેવા નહી મળે. બીજી બાજુ મુંબઈ ઈન્ડિયન્સની ટીમમા મિશેલ જોનશન, રોબિન પીટરસન અને આરપી સિંહ જોડાયેલા છે.

કિરોન પોલાર્ડ પણ મુંબઈ ટીમમાં છે. જેથી મુંબઈ પણ જીત સાથે શરૂઆત કરવા ઈચ્છુક છે આ વખતે પ્રથમ વખત સચિન તેંડુલર ખેલાડી તરીકે મૈદાનમાં ઉતરશે. મૈદાન હાઉસફુલ રહે તેવી પણ સંભાવના છે.

શું આ એ જ ગાંધીનગર છે જેની ગણના સૌથી હરિયાળા પાટનગર તરીકે થતી હતી...? અહીં તો વૃક્ષો જ નથી...

આઈપીએલ-૫ની ટીમો...

આઈપીએલ-૫ની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. આઈપીએલમાં કુલ નવ ટીમો ભાગ લઈ રહી છે. આ ટીમો વચ્ચે ૫૪ દિવસ સુધી જંગ ખેલાશે. આઈપીએલ-૫માં ભાગ લેતી ટીમો નીચે મુજબ છ.

● ચેન્નાઈ સુપર કિંગ્સ - મહેંદ્રસિંહ ધોની (સુકાની), રવિચંદ્રન અશ્વિન, જોર્જ બેલી, ડવેન બ્રેવો, ડગ બોલિંગર, ફોફ ડુ પ્લેસિસ, માઈકલ હસી, બેન હેલ્ફેન્હાસ, રવિંદ્ર જાડેજા, જોગિંદર શર્મા, નુવાન કુલસેકરા, એલ્બી મોર્કેલ, સુરેશ રૈના, સ્કોટ સ્ટાયરિસ, મુરલી વિજય, યો મહેશ, અભિનવ મુકુંદ, રિદ્ધિમાન સાહા, સુદીપ ત્યાગી, શ્રીકાંત અનિરૂદ્ધ, એસ. બદ્રીનાથ, શાદાબ જકાતી, સૂરજ રણદીવ, કે. વાસુદેવ દાસ, ગણપતિ વિગ્નેશ

● રોયલ ચેલેંજર્સ બેંગલોર - ડેનિયલ વિટોરી (સુકાની), એબી ડી વિલિયર્સ, મોહમ્મદ કૈફ, જહીર ખાન, તિલકરત્ન દિલશાન, ક્રિસ ગેલ, વિરાટ કોહલી, ચાર્લ્સ લેંગવેલ્ટ, અભિમન્યુ મિથુન, વિનય કુમાર, એડ્રયુ મેક્ડોનલ્ડ, મુથૈયા મુરલીધરન, ડર્ક નેનિસ, સૌરભ તિવારી, કેપી આપન્ના અરુણ કાર્તિક, મયંક અગ્રવાલ, શ્રીનાથ અરવિંદ, રાજૂ ભટકલ, અબરાર કાજી, કરુણ નાયર, રેયાન નિનાન, અસદ પઠાણ, ચેતેશ્વર પુજારા, સૈદ મોહમ્મદ, હર્ષલ પટેલ, ભ્યૂક પૉમર્સબેચ, વિજય જોલ, રિલી રૉસો, મુરલીધરન ગૌતમ

● મુંબઈ ઈન્ડિયન્સ - હરભજનસિંહ (સુકાની), હર્શલ ગિબ્સ, સચિન તેંડુલકર, મિચેલ જોનસન, ધવલ કુલકર્ણી, કિંલટ મૈકે, લસિથ મલિંગા, પ્રજ્ઞાન ઓજા, થિસારા પરેરા, કિરોન પોલાર્ડ, સુજીત નાયક, મુનાફ પટેલ, રોબિન પીટરસન, અંબાતી રાયુડૂ, રોહિત શર્મા, આરપી સિંહ, ડેવી જૈકબ્સ, દિનેશ કાર્તિક, રિચર્ડ લેવી, અબુ નચીમ, એડન બ્લિજાર્ડ, જેમ્સ ફૈંકલિન, અમિતોજસિંહ, યજુર્વેંદ ચહલ, પવન સુયાલ, અપૂર્વ વાનખેડે, જયદેવ શાહ, રાહુલ શુક્લા, ટી. સુમન, આદિત્ય તારે, સૂર્યકુમાર યાદવ, સુર્યાંત મરાઠે

● કોલકતા નાઈટરાઈડર્સ - ગૌતમ ગંભીર (સુકાની), જૈક્સ કૈલિસ, બ્રેંડન મેક્કુલમ, બ્રૈડ હેડિન, બ્રેટ લી, ઈયાન મોર્ગન, જેમ્સ પૈટિન્સન, મનોજ તિવારી, યૂસુફ પઠાન, શકીબ અલ હસન, રેયાન ટેન ડોશ્ચેટ, જયદેવ અનાડકટ, મર્ચેંટ ડિ લાંગે, લક્ષ્મીપતિ બાલાજી, સુનીલ નરેન, માનવિંદ બિસ્લા, ઈકબાલ અબ્દુલ્લા, સરબજીત લડ્ડા, રજત ભાટિયા, દેબબ્રત દાસ, ચિરાગ જાની, પ્રદીપ સાંગવાન, શમી અહમદ, લક્ષ્મીરત્ન શુક્લા, સંજૂ સેમસન, ઈરેશ સક્સેના

● રાજસ્થન રોયલ્સ - રાહુલ દ્રવિડ (સુકાની), પોલ કોલિંગવુડ, બ્રેડ હોજ, એસ. શ્રીસંથ, ઓવેશ શાહ, શોન ટેટ, શેન વોટ્સન, જોહાન બોથા, દિશેન ચાંદીમલ, આકાશ ચોપડા, કેવન કપૂર, કૈજ ફજલ, સમદ અલ્લાહ, શ્રીવત્સ ગોસ્વામી, સ્ટુઅર્ટ બિન્ની, અર્જિક્ય રાહણે, દીપક ચહર, અંકિત ચવ્હાણ, અદિત્ય ડોલે, સુમિત નરવાલ, અમિત પાઉનીકર, અભિષેક રાઉત, પિનલ શાહ, સિદ્ધાર્થ ત્રિવેદી, દિશાંત યાગ્નિક, અશોક મેનારિયા, પંકજ સિંહ, અમિત સિંહ

● ડેક્કન ચાર્જર્સ - કુમાર સંગાકારા (સુકાની), ડેરેન બ્રેવો, ડેનિયલ ક્રિસ્ટિયન, જેપી ડુમિની, ડેનિયલ હેરિસ, ક્રિસ લિન, ડેલ સ્ટેન , રસ્ટી થેરોન, કેમરુન વ્હાઈટ, અમિત મિશ્રા, પાર્થિવ પટેલ, ઈશાંત શર્મા, અર્જુન યાદવ, ઈશાંત જગ્ગી, તન્મય મિશ્રા, વીરપ્રતાપ સિંહ, વિષ્લવ સામંત્રે, ટી. સુધીંદ્ર, આનંદ રાજન, અંકિત શર્મા, તન્મય શ્રીવાસ્તવ, દ્વારકા રવિ તેજા, અભિષેક જુનજુનવાલા, અક્ષત રેડ્ડી, સન્ની સોહલ, ભરત ચિપલી, કેદાર દેવધર, સ્નેહા કિશોર, મનપ્રીત ગોની, આશીષ રેડ્ડી, ટેકામી અચ્યુત રાવ, આકાશ ભંડારી, શિખર ધવન, સઈદ કાદરી

● દિલ્લી ડેયરડેવિલ્સ - વીરેંદ્ર સહેવાગ (સુકાની), મહેલા જયવર્ધને, કેવિન પીટરસન, આંદ્રે રસેલ, રોસ ટેલર, મોર્ને મોર્કેલ, ડગ બ્રેસવેલ, એરોન ફિંચ, ગ્લેન મૈક્સવેલ, ઈરફાન પઠાન, રોએલ્ફ વોન ડર મર્વ, ટ્રેવિસ બર્ટ, નમન ઓજા, વેણુગોપાલ રાવ, મનપ્રીત જુનેજા, ડેવિડ વોર્નર, ઉમેશ યાદવ, કાલિસ ઈન્ગ્રામ, પ્રશાંત નાઈક, વિકાસ મિશ્રા, તેજસ્વી યાદવ, કુલદીપ રાવલ, અવિષ્કાર સાલ્વી, શાહબાજ નદીમ ખાન, વરુણ એરોન, અજિત અગરકર, રોબિન બિષ્ટ, ગુલામ બોદી, અન્મુક્ત ચંદ, યોગેશ નાગર, પવન નેગી

● કિંગ્સ ઈલેવન પંજાબ - એડમ ગિલક્રિસ્ટ (સુકાની), પીયૂષ ચાવલા, રેયાન હેરિસ, પ્રવિણ કુમાર, શોન માર્શ, ડેવિડ મિલર, રમેશ પોવાર, પોલ વલ્થાટી, મનદીપ સિંહ, દિમિત્રિ મેસ્કરેન્હાસ, ડેવિડ હસી, અભિષેક નાયર, નોયર રિમિંગટન, રાજગોપાલ સતીષ, સન્નીસિંહ, નિતિન સૈની, શલભ શ્રીવાસ્તવ, લવ અબ્લિશ, અજહર મહમૂદ, બિપુલ શર્મા, પારસ ડોગરા, હરમીત સિંહ, પરવિંદર સિંહ અવાના, અમિત યાદવ, ભાર્ગવ ભટ્ટ, સિદ્ધાર્થ ચિટનીસ, જેમ્જ ફોકનર, વિક્રમજીત મલિક

● પુણે વોરિયર્સ - સૌરવ ગાંગુલી (સુકાની), કોલમ ફર્ગ્યૂસન, નોથન મેક્કુલમ, અશોક ડિંડા, મુરલી કાર્તિક, માર્લોન સૈમ્યુઅલ્સ, અલ્ફાંસો થોમસ, લ્યૂક રાઈટ, મિચેલ માર્શ, માઈકલ ક્લાર્ક, આશીશ નેહરા, વેન પાર્નેલ, જેસી રાયડર, રાહુલ શર્મા, સ્ટીવન સ્મિથ, હરપ્રીતસિંહ, મોહનીષ મિશ્રા, મિથુન મન્હાસ, મનીષ પાંડે, સચિન રાના, એકલવ્ય દ્વિવેદી, કામરાન ખાન, હર્ષદ ખાદીવાલે, ધીરજ જાધવ, ભુવનેશ્વર કુમાર, અનુસ્તુપ મજૂમદાર, કૃષ્ણકાંત ઉપાધ્યાય, શ્રીકાંત વાઘ, અલી મુર્તજા, રાયફી ગોમેજ, જેમ્સ હોપ્સ, એંજેલો મૈથ્યૂજ, રોબિન ઉથપ્પા, તમિમ ઈકબાલ, યુવરાજસિંહ

લશ્કરે તોઈબાના લીડર હફિઝ સઈદ ઉપર ૫૦ કરોડનું ઈનામ

નવી દિલ્હી,તા. ૩

ભારતમાં અનેક હુમલાઓમાં હાથ ધરાવનાર કુખ્યાત આતંકવાદી અને પાકિસ્તાનના સૌથી ખતરનાક ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબાના લીડર હાફિઝ સઈદ પર અમેરિકાએ ૫૦ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. હાફિઝ સૌથી ખતરનાક ત્રાસવાદી સંગઠનમાં સ્થાન ધરાવનાર લશ્કરે તોઈબાના લીડર તરીકે રહીને અનેક હુમલાઓમાં સીધી રીતે સામેલ રહ્યો છે. મુંબઈમાં ૨૬/૧૧ના ભીષણ આતંકવાદી હુમલામાં પણ તેનો હાથ હતો. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ગણાતા હાફિઝ સઈદ ઉપર સંકજો મજબૂત બનાવવામાં આવી રહ્યો છે. હાફિઝ સઈદની ધરપકડ તરફ દોરી જનાર માહિતી આપનાર અથવા તો મદદ કરનારને આ જંગી રકમ ઈનામરૂપે આપવામાં આવશે. પ્રથમ વખત ભારતની યાત્રા ઉપર આવેલા અમેરિકાના અંડર સેકેટરી ઓફ સ્ટેટ વેન્ડી શર્મને ભારતીય અધિકારીઓનાં માહિત આપતા કહ્યું છે કે સઈદના સંબંધી અને લશ્કરના સહ સ્થાપક અબ્દુલ રહેમાન મખ્ખી પર ૨૫ કરોડનું ઈમાન જાહેર કરવામાં આવ્યું છે. હાફિઝ સઈદના નેતૃત્વમાં લશ્કરે તોઈબા પોતાની હદમાં દુનિયામાં સૌથી મોટા આતંકવાદી સગઠન અલ કાયદાને પણ ટક્કર આપે છે. ભારતની સામે મુખ્ય રીતે કામ કરીને લશ્કરે તોઈબાએ હવે યુરોપ અને ઓસ્ટ્રેલિયા સુધી પણ પોતાનો સંકોજો જમાવી ચુક્યો છે. અમેરિકાએ જુદા જુદા આતંકવાદીઓ પર ઈનામ જાહેર કર્યું છે. જેમાં સૌથી મોટું ઈનામ

અલકાયદાના ચીફ બની ગયેલા અયમાન અલ ઝવાહીરી ઉપર રાખવામાં આવ્યું છે. બીજી નંબર પર હાફિઝ સઈદની સાથે અલ કાયદાના યાસીન અલ સુરી, અબુ દુઆ અને તાલિબાની લીડર મુલ્લા ઉમર છે. તાલિબાની હકિમઉલ્લા અને અલકાયદાના સૈફ અલ અદલના ઉપર પણ ૨૫-૨૫ કરોડના ઈનામ જાહેર કરવામાં આવ્યા છે. ઝવાહીરી ઉપર સૌથી વધુ ૧૨૫ કરોડ રૂપિયાનો ઈનામ રાખવામાં આવ્યું છે. લાદેનને અમેરિકી સેનાએ ઓપરેશન હાથ ધરીને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. લાદેનને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ જવાહીરી અલકાયદાનો લીડર બની ગયો હતો. જમાત ઉદ દાવાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, અમેરિકાના આ પગલાથી સ્થિતી વધુ વણસી જસે. ઈસ્લામ અને મુસ્લિમોની વિરુદ્ધમાં આ પગલું હોવાની પ્રતિક્રિયા જમાત ઉદ દાવા દ્વારા આપવામાં આવી છે. ભારત વિરોધી નિવેદનો અને ભારતમાં અનેક હુમલાઓમાં સઈદ સિધી સંડોવણી રહી છે. મુંબઈમાં થયેલા હુમલામાં સઈદ માસ્ટરમાઈડ હતો. આ હુમલામાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા હતા. અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. આ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો તુટી ગયા હતા. બન્ને દેશો વચ્ચે ખેંચતાણ વધી ગઈ હતી. આ કુખ્યાત આતંકવાદીઓ ઉપરાંત અમેરિકાએ અન્ય ૩૩ શખ્સો સામે પણ ઈનામો જાહેર કરવામાં આવ્યા છે.

જાગીર કૌરને વીઆઈપી સુવિધાના મામલે તપાસ

ચંદીગઢ, તા. ૩

પુત્રીના અપહરણ અને બળજબરીપૂર્વક ગર્ભપાતના સબંધમાં કપૂરથલામાં કંજલા જેલમાં હવા ખાઈ રહેલા બીબી જાગીર કૌરને વીઆઈપી સુવિધા આપવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ બીબી જાગીર કૌરને એલસીડી ટીવીની સુવિધા અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પંજાબ જેલના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ મામલામાં તપાસ હાથ ધરાઈ છે. તમામ નિયમો પાળવામાં આવશે. જે લેમાં જઈને અન્ય અધિકારી ચકાસણી કરશે. વીઆઈપી સુવિધા મામલે ખાતરી કરવામાં આવશે. જાગીર કૌરને એલસીડી ટીવી અને અન્ય સુવિધાઓ આપવાને લઈને હોબાળો મચી ગયો છે. અહેવાલ મુજબ કૌરને ૩૨ ઈંચ એલસીડીટી, ડીટીએચ ડિશ એન્ટેનાની સુવિધા અપાઈ છે. જેલમાં અપાયેલી સુવિધાનો મામલો હવે તપાસનો હુકમ કરાયો છે.

કિંગફિશર આ સપ્તાહની શરૂઆતમાં જ સ્ટાફને પગારની ચૂકવણી પુનઃ શરૂ કરશે

મુંબઈ, તા.૩

ટેક્સ સત્તાવાળાઓએ તેના બેંક ખાતાઓ પુનઃ ખોલી દીધા બાદ કિંગફિશર એરલાઈન આ સમાહની શરૂઆતમાં જ સ્ટાફને પગારની ચુકવણી પુનઃ શરૂ કરશે. એરલાઈનના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર વિજય માલ્યાએ એક નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી છે. કર્મચારીઓને લખવામાં આવેલા પત્રમાં વિજય માલ્યાએ કહ્યુ છે કે આ સમાહની શરૂઆતથી જ સ્ટાફને પગારની ચુકવણી શરૂ થશે. કિંગફિશરના બેંક ખાતાઓ ફેબ્રુઆરી મહિનામાં ટેક્સ સત્તાવાળાઓ દ્વારાફ્રીજ કરી દેવામાં આવ્યા હતા. આનાથી કિંગફિશરની હાલત કફોડી બની ગઈ હતી, કિંગફિશરને પગારની ચુકવણી અને અન્ય ચુકવણી કરવામા તકલીફ પડી હતી. તેની દરરોજની પ્રવૃત્તિને પણ માઠી અસર થઈ હતી. માલ્યાએ કહ્યુ છે કે સ્ટાફને પગારની ચુકવણી શક્ય તેટલી વહેલીતકે શરૂ કરવામાં આવશે. માલ્યા કિંગફિશરમાં ઈક્વિટી ઠાલવવા એરલાઈનથી દબાણ હેઠળ હતા. કિંગફિશર ઉપર ૧.૩ અબજ ડોલરનુ દેવુ છે. ઈન્ડિયન એરલાઈન્સને ફ્યુઅલ ખર્ચ, ઉંચા ટેક્સ, અને માર્કેટમાં ગળાકાપ

સ્પર્ધાના કારણે અસર થઈ હતી. છ મુખ્ય ઓપરેટરો પૈકી પાંચને નાણાકીય નુકસાન થયુ હતુ. માલ્યાએ રવિવારના દિવસે સ્ટાફને ઈમેલ મોકલ્યો હતો. અને કહ્યુ હતુ કે કંપની બુધવારે જુનિયર સ્ટાફને પગારની ચુકવણી કરી દેશે. જ્યારે પાયલોટો અને એન્જિનિરયોરને ૯ અને ૧૦ એપ્રિલના દિવસે પગારની ચુકવણી કરી દેવામાં આવશે. ઈમેલમાં માલ્યાએ કહ્યુ છે કે તેમનુ ધ્યાન માત્ર પગારની ચુકવણી ઉપર કેન્દ્રિત થઈ ગયુ છે. જો કે કર્મચારીઓએ માલ્યાને પત્ર લખીને કહી ચુક્યા છે કે ડિસેમ્બર અને જાન્યુઆરીનો પગાર મંગળવાર સુધી અને ફેબ્રુઆરી અને માર્ચનો પગાર ૨૦મી એપ્રિલ સુધી ચુકવી દેવામા આવ. વિજય માલ્યાએ પગાર ચુકવણીની વાત કરતા કર્મચારીઓમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. કિંગફિશરના શેરમાં આજે સુધારો થયો હતો. માત્ર ૧૬ મહિનાના ગાળામાં તેના શેરમાં સુધારો થયો છે. શેરબજારમાં પણ કિંગફિશરની હાલત હાલ કફોડી બનેલી હતી. એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક સહિતની બેંકો કિંગફિશરને નાણા આપવાનો ઈનકાર કરી ચુકી છે. આ બેંકોનુ કિંગફિશર પર ૧.૩ અબજ ડોલરનુ દેવુ છે. ગયા મહિને કિંગફિશરે સુધારવામાં આવેલા ફ્લાઈટ કાર્યક્રમ હેઠળ ઘણા સ્થળો પર ઓપરેશન બંધ કરી દીધુ હતુ.

આંદોલન કરવાની ધમકી કર્મચારીઓએ પાછી ખેંચી

મુંબઈ, તા.૩

કિંગફિશર એરલાઈન મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે મળાગાંઠનો અંત આવી ગયો છે. કિંગફિશર એરલાઈન્સના કર્મચારીઓ આંદોલન કરવાની ધમકી પાછી ખેંચી લીધી છે. કટોકટીનો સામનો કરી રહેલા કિંગફિશર એરલાઈન્સના પ્રમોટર વિજય માલ્યા દ્વારા આપવામાં આવેલી ખાતરી બાદ કર્મચારીઓ માની ગયા છે. અને કર્મચારીઓએ આવતીકાલથી શરૂ થતા તેમના આંદોલનને પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે.

ખાદ્યતેલની વધતી કિંમતોથી સામાન્ય લોકો પર વધુ બોજ

મુંબઈ,તા.૩

ખાદ્યતેલની વધતી જતી કિંમતના કારણે મોંઘવારીના કારણે પરેશાન લોકોની હાલત વધુ કફોડી બની ગઈ છે. ખાદ્યતેલની કિંમતમાં ૧ મહિનાના ગાળામાં જ ૧૦ટકાનો ઉલ્લેખનીય વધારો થઈ ગયો છે અથવા તો પ્રતિ કિલો ૬થી ૮ રૂપિયાનો વધારો થઈ ગયો છે. ખાદ્યતેલની કિંમતોમાં વધારો થવાના કારણે અન્ય ચીજ વસ્તુઓ ઉપર દબાણ વધી ગયું છે. ભારતના રિફાઈન્ડ ઓઈલ વપરાશ પૈકી અડધાથી વધુ વપરાશ માટે પામોલીનનો ઉપયોગ કરવામાં આવે છે. પામોલીનની કિંમતમાં કિલોદીઠ રૂપિયા ૧૦ સુધીનો વધારો થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં ઉથલપાથલ થવાના કારણે ખાદ્યતેલની કિંમતમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારત આશરે ૮ મિલિયન ટન ખાદ્યતેલની આયાત કરે છે. અથવા તો તેની સ્થાનિક શાકભાજી તેલ જરૂરિયાત પૈકી અડધી જરૂરિયાત આયાત મારફતે પુરી કરે છે. ખાદ્યતેલની કિંમતોમાં વધારો થવા માટે અન્ય જે પરિબળ જવાબદાર છે તેમાં રૂપિયમાં ઉથલ પાથલ છે. એમ માનવામાં આવે છે કે આર્જેન્ટિનામાં દુષ્કાળની સ્થિતિના કારણે સોયાપાકને માઠી અસર થઈ છે. સાથે સાથે ચીન તરફથી માંગ ખૂબ ઉંચી રહી છે. સ્થાનિક મોર્ચે એવી અફવા પણ છે કે ખાનગી કાર્ટેલ દ્વારા જુદી જુદી અફવાઓ ફેલાવવામાં આવે છે. જેથી માર્કેટ ઉપર કિંમતને અસર થાય છે. ખાદ્યતેલનો પુરવઠો સતત ઘટી રહ્યો છે આજ કારણસર વૈશ્વિક કિંમતો વધી રહી છે. છેલ્લા થોડાક સપ્તાહમાં ડોલર સામે રૂપિયામાં ઘટાડો થયો છે. નવેસરથી ભાવ વધારો થતા સામાન્ય અને ગરીબ લોકો પરેશાન થયેલા છે. આગામી દિવસોમાં પણ ખાદ્યતેલની કિંમતમાં વધારો થવાનો દોર જારી રહેશે. કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં તેજી પ્રવતિ રહી છે. ભારત મોટાભાગે આયાત ઉપર આધારિત છે.

આદર્શ હાઉસિંગ કૌભાંડમાં બે અધિકારીઓની ધરપકડ કરાઈ

મુંબઈ, તા.૩

કરોડો રૂપિયાના આદર્શ હાઉસિંગ સોસાયટી પ્રકરણમાં મંજૂરી આપવામાં ગેરરીતિ બદલ સીબીઆઈએ આજે એક આઈએએસ ઓફિસર સહિત બે લોકોની ધરપકડ કરી હતી. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય સચિવ રામાનંદ તિવારી અને આઈએએસ ઓફિસર જયરાજ પાઠકને આજે સીબીઆઈ ઓફિસ પર સવારે બોલવવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમની કૌભાંડના સંબંધમાં વ્યાપક પૂછપરછ કરાઈ હતી. પૂછપરછ કરાયા બાદ સીબીઆઈએ આ બંને અધિકારીઓની ધરપકડ કરી હતી. સીબીઆઈના જણાવ્યા મુજબ ૧૯૭૮ની બેચના આઈએએસ અધિકારી પાઠકે કથિત રીતે ઈમારતની ઉંચાઈને મંજૂરી આપી હતી. મ્યુનિસિપલ સંસ્થાની હાઈરાઈજ કમિટીની મંજૂરી લીધા વગર ૧૦૦ મીટરથી વધુ ઉંચાઈ લઈ જવાની મંજૂરી આપી હતી. એજન્સીએ આક્ષેપ કર્યો છે કે પાઠક સામે કાર્યવાહી કરવામાં આવશે તેમની સામે ખટલો ચલાવવા માટે મંજૂરી મળી ગઈ છે. પાઠક આ કેસમાં ૧૪ આરોપીઓ પૈકીના એક છે.

બ્રોડકાસ્ટિંગમાં એફડીઆઈ મર્યાદાને મંજૂરી મળશે

નવી દિલ્હી, તા. ૩

ડાયરેક્ટ ટુ હોમ અને કેબલ ટીવી નેટવર્ક જેવી બ્રોડકાસ્ટિંગ સેવામાં વિદેશી મૂડી રોકાણ મર્યાદાને વધારવા મામલે કેન્દ્રીય કેબિનેટ ટુંક સમયમાં જ વિચારણ કરશે.

યુનિફોમ ૭૪ ટકા વિદેશી મૂડીરોકણની મર્યાદા ઉપર ટુકમાં જ વિચારણા કરવામાં આવશે. સરકાર બ્રોડકાસ્ટિંગ સર્વિસમાં એફડીઆઈ મર્યાદાને મંજૂરી આપી શકે છે. જુદા જુદા વર્ગોમાં ૭૪ ટકા એફડીઆઈની મોબાઈલ ટીવીમાં પણ વિચારણા કરવામાં આવશે. મોબાઈલ ટીવી ભવિષ્યમાં વધારો લોકપ્રિય બને તેવી શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી માટે આ દરખાસ્ત મોકલીદેવામાં આવી છે. ઉદ્યોગ મંત્રાલયમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન (ડીઆઈપીપીટી) દ્વારા રજૂ કરવમાં આવેલી દરખાસ્તમાં સુચન કરવામાં આવ્યુ છે કે બ્રોડ કાસ્ટ કેરીજ સર્વિસ પ્રોવાઈડર્સમાં એફડીઆઈ મર્યાદા ચોક્કસપણે વધારવી જોઈએ. હેડ એન્ડ ઈન સ્કાય એક સેટેલાઈટ મલ્ટીપ્લેક્સ સર્વિસ છે જે કેબલ ટેલિવિજન ઓપરેટ માટે કેબલ ચેનલ ઉપલબ્ધ કરાવે છે. હાલમાં કેબલ ટીવી અને ડીટીએચમાં ૪૯ ટકા એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે હેડ એન્ડ ઈન સ્કાયમાં ૭૪ ટકા એફડીઆઈને મંજૂરી અપાઈ છે. ટીવી ન્યૂજ ચેનલો, એફએમ રેડિયો, કન્ટેન્ટ પ્રોવાઈડર્સ માટે એફડીઆઈ મર્યાદા ૨૬ ટકાજ રહેશે. યુનિફોમ ટકાવારીનુ સુચન ઘણી બાબતોને ધ્યાનમાં લઈને કરવામા આવ્યુ છે. જૂન ૨૦૧૦માં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ડીટીએચ જેવી બ્રોડકાસ્ટ કેરીજ સર્વિસ માટે એફડીઆઈને ૭૪ ટકા કરવાની માગણી કરી હતી. એક અંદાજ મુજબ કેબલ અને સેટેલાઈટ ટીવી ધારકોની સંખ્યા ભારતમાં ૧૦૬ મિલિયન છે જે પૈકી ૨૬ મિલિયન ડીટીએચ અને ૮૦ મિલિયન કેબલ નેટવર્કનુ ઉપયોગ કરે છે.

ભારતમાં પગાર વધારો સરેરાશ ૧૨ ટકાની આસપાસ રહેવાની આગાહી

મુંબઈ, તા. ૩

ભારતમાં પગાર વધારો સરેરાશ ૧૨ ટકાની આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે. આનો મતલબ એ થયો કે પગાર વધારાના ક્ષેત્રમાં ભારતમાં ગુલાબી ચિત્ર ઉપસી રહ્યું છે. બે જુદા જુદા અહેવાલોમાં આ મુજબના ધડાકો કરવામાં આવ્યો છે. અર્થતંત્ર માટે સ્વસ્થ રિકવરીના સંકેત પણ દેખાઈ રહ્યા છે. નવે સર્વેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ઈન્ડસ્ટ્રીમાં પણ ચિત્ર સારુ છે. કોર્પોરેટ ભારતમાં કર્મચારીઓને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. એકંદર પગાર ૧૨ ટકા વધારે હોઈ શકે છે. જ્યારે ઓટો સેક્ટરમાં પગાર વધારો ૧૪.૩ ટકાની આસપાસ રહી શકે છે. આવીજ રીતે ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં પગાર વધારો ૧૨.૮ ટકા હોઈ શકે છે. ગ્લોબલ એચઆર કન્સ્ટલ્ટીંગ કંપની મેસર દ્વારા જારી કરવામાં આવેલા વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વળતર વધારો ઉલ્લેખનિય રહેશે. ફેબ્રુઆરી મહિનામાં ભારતમાં કર્મચારી માટે પગાર વધારો સરેરાશ ૧૧.૯ ટકા રહેવાની વાત અન્ય એક રિસર્ચ કંપની એઓન હેવિટ દ્વારા કરવામાં આવી હતી. મેસરે પોતાના અહેવાલમાં નિર્દેષ કર્ય